> છઠ્ઠા કેન્દ્રિય પગાર પંચની ભલામણોના આધારે રાજય કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા.

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધા :**(૧)સરકારશ્રીનો ઠરાવ ક્રમાંક :ગકવ–૧૪૨૦૦૯–૧૧૮૪–ક.૨. તા. ૧/૪/૨૦૧૦ અને સુધારા રારખા સમાન અંકી ઠરાવ તા. ૧૫/૪/૨૦૧૦
(૨) યુનિવર્સિટીના જાહેરનામા ક્રમાંક : આકૃયુ/રજિ/સંકલન/૩૫૯૪–૩૬૦૨/૨૦૧૦ તા.૨૩/૪/૨૦૧૦ તથા
(૩) પરિપત્ર ક્રમાંક:આકૃયુ/રજિ/સંકલન/૩૫૯૦–૯૩ તા. ૨૩/૪/૧૦

## પરિપત્ર

સરકારશ્રીએ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના છઠ્ઠા કેન્દ્રિય પગારપંચની ભલામણોના આધારે પગાર ધોરણની સુધારણાનો ઠરાવ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ–૧ ના ઠરાવથી પ્રસિધ્ધ કરેલ છે અને ક્રમ–૨ ના જાહેરનામાંથી યુનિવર્સિટીના નિયામક મંડળની આઠમી સરકયુલેશનની બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૮.૧ થી છઠ્ઠા કેન્દ્રિય પગાર પંચની ભલામણોનો યુનિવર્સિટીએ શૈક્ષણિક કર્મચારીઓ માટે સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે જેની નકલી આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને સંદર્ભ–૧ થી ૩ થી મોકલી આપેલ છે.

વધુમાં વંચાણે લીધેલ સરકારશ્રીનો ક્રમ–૧ નો ઠરાવના અમલ માટે નીચે મુજબની વિશેષ સુચનાઓ પરિપત્રીત કરવામાં આવે છે.

(૧) નીચે પ્રમાણેના ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(અ) તા. ૧૨/૨/૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક :પગર/૧૦૦૯/૧/પગાર/એકમ(મ).
(બ) તા. ૨૭/૨/૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : PGR/1009/7/Pay Cell (M).
(ક) તા. ૨૦/૩/૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : PGR/1009/3/Pay Cell (M). અને ભારત સરકારના ઠરાવ ક્રમાંક : F.3-1/2009/U.1 તા. ૪/૬/૨૦૦૯
(ડ) ભારત સરકારના ઠરાવ ક્રમાંક : F.No.1(01)/2009-Per.IV તા. ૧૩/૩/૨૦૦૯ ની સાથે જોડેલ ઠરાવ ક્રમાંક : F.No.1-32/2006-U-II/U.I (i) તા. ૩૧/૧૨/૨૦૦૮.

ઉપરોકત 'અ' થી 'ડ' ના ઠરાવોને અમલીકરણ માટે પરિપત્રિત કરવા મંજુરી આપવામાં આવેલ હોઈ સદર ઠરાવો **આ યુનિવર્સિટીની વેબસાઈટ (www.aau.in) ઉપર મૂકવામાં આવેલ છે. જે દરેક કચેરી વડાએ પોતાની રીતે મેળવીને તેનો સત્વરે અમલ કરવાનો રહેશે.**

(૨) છઠ્ઠા કેન્દ્રિય પગારપંચની ભલામણો અન્વયે નાણાં વિભાગના તા.૨૦.૩.૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : No. PGR/1009/3/Pay Cell (M), Date : 20/3/2009 તથા ભારત સરકારના ઠરાવ ક્રમાંક : F.3.1/2009/U.1 તા. ૪/૬/૨૦૦૯ થી પગાર ધોરણના માળખામાં પગાર મૂકરર કરવા માટેની ગાઈડલાઈન્સ સાથે સામેલ રાખેલ વિકલ્પ પત્રક (Annexure-I), પગાર મૂકરર કરવાનું પત્રક (Annexure-II), બાંહેધરી પત્રક (Annexure-III) આ સાથે સામેલ છે. જે અંગેની જરૂરી માહિતી જે તે સંબંધિત કર્મચારીની સેવાપોથી સાથે ચકાસણી કરીને વિગતો ભરાવવા માટેની કાર્યવાહી યુનિટ/સબ–યુનિટ અધિકારીશ્રીઓએ તેમની કક્ષાએથી કરવાની રહેશે.

(૩) આ અંગે જે તે યુનિટ / સબ–યુનિટ, કચેરી વડાએ તેઓના સંબંધકર્તા સર્વે અધિકારીઓ / કર્મચારીઓ પાસેથી પરિપત્ર સાથે સામેલ વિકલ્પ ફોર્મ / બાંહેધરી ફોર્મ ભરાવીને પગાર મૂકરર કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સદર પરિપત્ર રવાના કર્યા તારીખથી શૈક્ષણિક કર્મચારીઓ જે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીના વડાએ નિયમોનુસાર પગાર મૂકરર કરવાના રહેશે તેમ છતાં પગાર મૂકરરની તમામ દરખાસ્તો નીચે સહી કરનારને રજુ કરવાની રહેશે અને ત્યાર બાદ પ્રથમ હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, આણંદની સંમતિ મેળવ્યા બાદ કેન્દ્રિય પધ્ધતિથી કુલસચિવશ્રીની સહીથી પગાર મૂકરરના હુકમો જારી કરવામાં આવશે. અને તા.૧/૧/૨૦૦૬ બાદ નિવૃત્ત થયેલ કર્મચારીઓના પગાર મૂકરર કરવાની કાર્યવાહી કર્મચારી જે કચેરીમાંથી નિવૃત્ત થયેલ હોય તે કચેરીના વડાએ પગાર મૂકરર કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

--૨--

(૫) પગાર મૂકરર કરવાની કાર્યવાહી કરતાં પહેલા સરકારશ્રીના ઉપરોકત ઠરાવોમાં આપવામાં આવેલ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) જે તે કચેરી વડાએ સંબંધિત કર્મચારીને મળવાપાત્ર નવા પગાર ધોરણમાં મૂકરર કરવામાં આવેલ પગાર મૂકરરની ચકાસણી ઠરાવમાં જણાવેલ શરત નં. ૧૭ માં જણાવ્યાનુસાર ફરજિયાતપણે I.F.M.S. System ધ્વારા કરાવવાની રહેશે અને સેવાપોથીમાં તેની નોંધ કરવાની રહેશે.

(૭) આઈ.સી.એ.આર. અને અધર એજન્સીમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓના પગાર મૂકરર કરીને તા.૧/૧/૨૦૦૬ થી તા. ૩૦/૪/૨૦૧૦ સુધીની તફાવતની રકમ વર્ષ–વાઈઝ મેળવવા માટે જે તે સંબંધકર્તા કચેરી વડાએ જે તે ફંન્ડીગ એજન્સીને દરખાસ્ત કરવાની રહેશે.

(૮) કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક કર્મચારીઓ / અધિકારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમ–૧૯૯૮ હેઠળ જે પગારધોરણ હાલમાં આપવામાં આવે છે તે સામે ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ પ્રમાણેના નવા સુધારેલા પગાર ધોરણો ( Pay Band and Grade Pay ) પ્રમાણે તા. ૧/૧/૨૦૦૬ થી આપવાના રહેશે.

(૯) સરકારશ્રીના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવથી તથા તા. ૧૫/૪/૨૦૧૦ ના સમાન અંકી સુધારા ઠરાવમાં આપવામાં આવેલ તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) છઠ્ઠા કેન્દ્રિય પગાર પંચની પગાર મૂકરર કરવાની દરખાસ્ત મોકલતાં પહેલા કચેરી વડાશ્રીએ પાંચમાં પગાર પંચમાં કરેલ પગાર મૂકરર અન્વયે નીચે મુજબના પ્રમાણપત્રો જે તે શિક્ષકની વ્યકિતગત દરખાસ્ત ચકાસીને દરખાસ્ત સાથે સામેલ રાખવાનો રહેશે.

  (અ) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સદર શિક્ષકોના પગારધોરણો અને કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત મળવાપાત્ર મળેલ બઢતી અન્વયે ભારત સરકારના પત્ર F.No.1 (15)98-Per.IV, Dated the 3rd March, 1999 અને તેની સાથેના બિડાણોમાં નિશ્ચિત કરેલ શરતો (રાજય સરકારે તેના ઠરાવ ક્રમાંક : GKV-1099-G-6-K.2 Dt : 1/10/1999 થી અમલ કરેલ છે), તેમજ ત્યારબાદની ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ તરફથી જારી કરેલ કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) ની ગાઈડલાઈન્સ પત્રાંક : F.No.21(10) 99-Per.IV ૧૯/૭/૨૦૦૦ અને પ્રાધ્યાપક સંવર્ગમાં બઢતી માટે તેમાં સૂચવેલ સુધારેલ કાર્યપધ્ધતિ પત્ર No. F.37(2)/2003-Per.IV તા.૨૩/૬/૨૦૦૩ તથા રાજય સરકાર તરફથી થયેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે.

  (બ) દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ રાજય સરકાર/ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીએ નોંધ ઉપર આપેલ મંજુરી અનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(એ. જે. પંડયા)
કુલસચિવ

સામેલ : ઉપર મુજબ
(Annexure-I,II and III )

નં. આકૃયુ/રજિ/સંકલન/ 3930 /૨૦૧૦
તા.૨૮/૦૪/૨૦૧૦

<u>નકલ સવિનય રવાના જાણ તથા યોગ્ય થવા સારૂ.</u>

૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
૨. હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
૩. સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

<u>નકલ રવાના :</u>

૧. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી / હિસાબી અધિકારીશ્રી(કેશ), આ.કૃ.યુ. આણંદ
૨. હિસાબી અધિકારીશ્રી(પી.એફ./પેન્શન), / ઓડીટ ઓફીસરશ્રી, આ.કૃ.યુ. આણંદ
૩. કુલપતિ / કુલસચિવના રહસ્ય સચિવશ્રી તરફ.
૪. આ વિભાગની તમામ શાખાઓ તરફ / સીલેકટ ફાઈલ / હુકમ ફાઈલ